# પ્રકરણ– ૭

# સંશોધનના કેટલાંક તારણો અને નિરીક્ષણો

આપણે જોયું કે ભારતીય ભાષાની પસંદ કરેલી ૧૮ જેટલી નવલકથાઓમાંથી પસાર થયા બાદ વૈદિક યુગથી માંડીને આજના આધુનિક યુગ સુધીમાં સ્ત્રીનું સ્થાન કેવા સમયમાં કયા કયા પ્રકારનું રહ્યું છે તેમ છતાં યુગ અને સમય પરિવર્તન પામતા સ્ત્રીમાં પણ મહદ્ અંશે પરિવર્તન જોવા મળ્યું છે. સમય અને પરિસ્થિતિ પ્રમાણે તેનું સ્વરૂપ બદલાતું રહ્યું છે. દરેક નવલકથામાં આવતી નારી કંઈક અલગ જ ભૂમિકા રજૂ કરતી જોવા મળે છે. યુગ અને પરિસ્થિતિ પ્રમાણે જે પરિવર્તન આવ્યું છે તેમા કેટલાંક તારણો અહીં તપાસવામાં આવ્યાં છે.

⇒ નવલકથાના પ્રથમ પ્રકરણમાં ભારતીય સમાજમાં નારી સામાજિક અભિગમમાં વૈદિકકાળથી નારીની શું સ્થિતિ છે તેનો તાગ આપણે મેળવી જોયો.

⇒ ઉપનિષદ કાળમાં વેદવિજ્ઞાનના શિક્ષણને પરિણામે દર્શન તત્ત્વજ્ઞાનનો અભ્યાસ શિક્ષણમાં લોકપ્રિય બન્યો.

⇒ ઋષિ યાજ્ઞવલ્કયની પત્ની મૈત્રેયીએ તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરી પ્રશ્ન પૂછ્યો 'યે તાહ નામૃતાશ્યામ કિં તેના હુ કૃપિ મિતિ' એ જ ઋષિના બીજા પત્ની ગાર્ગીએ પણ તત્ત્વજ્ઞાનના સૂક્ષ્મ પ્રશ્નોની છણાવટ જનક રાજાના પરીસત્રમાં કરી હતી.

⇒ આમ વૈદિક અને મહાભારત પછી પૌરાણિક અને ધર્મશાસ્ત્રોમાં સમયગાળા દરમ્યાન તો સ્ત્રીની હાલત એકદમ કથળી હતી.

⇒ વૈદિકકાળ દરમ્યાન સ્ત્રીનું સ્થાન પુરુષની સાથે કેન્દ્રમાં હતું તે હાંસિયા તરફ ખસી ગયું. મનુસ્મૃતિના રચયિતા મનુ પુરુષપ્રધાન સમાજના કટ્ટર હિમાયતી હતા.

⇒ ભારતમાં આઠમી સદીથી છેક ૧૯૪૭ સુધી સ્ત્રીઓ માટે જાણે કે અંધારયુગ હતો. આઝાદી પછી સ્ત્રીની પરિસ્થિતિમાં થોડા ઘણા અંશે સુધારાનો પવન ફેલાયો.

⇒ સ્ત્રીનું પોતાનું વ્યક્તિત્વ પણ હોઈ શકે એની પોતિકી ઈચ્છાઓ નિર્ણયશક્તિ પણ હોઈ શકે એ વાતને હંમેશા વિચારે જ પાડવામાં આવતી.

⇒ આજે પણ સંસ્કૃતિના નવા વળાંક પર આવીને ઊભી રહેલી પવિત્રતાની આ મૂર્તિ માત્ર જાતીયતાનો પર્યાય બની રહી છે. પ્રદર્શન માટેની એક ચીજ બની ગઈ છે.

⇒ આ નવા વળાંક પર આવીને ઊભી રહેલી સ્ત્રીને માત્ર દેહ જ છે. આત્મા છે જ નહીં. જાણે કે કયારેક માત્ર તો નર્યા શરીરથી ઓળખાતી આવેલી સ્ત્રીને આ સમાજે એની આગવી ઓળખ આપી જ નથી, એ હંમેશા પુરુષના સંદર્ભે જ ઓળખાતી રહી.

⇒ આમ પરિવર્તનની સાથે જે જે પીડા સંકળાયેલી છે એને વેઠવાની અને ભોગવવાની સ્ત્રીની નિયતિ છે.

⇒ પ્રકરણ–૨ 'ગુજરાતી નવલકથામાં નારી'માં આપણે 'બત્રીસ પૂતળીની વેદના' – ઈલા આરબ મહેતા 'સાત પગલા આકાશમાં' કુન્દનિકા કાપડિયા અને 'આંધળી ગલી'– ધીરુબહેન પટેલ. આ ત્રણેય નવલકથાના તારણો જોઈએ તો.

⇒ 'બત્રીસ પૂતળીની વેદનામાં' ખરેખર સ્ત્રીને પોતાના અસ્તિત્વ વિશે વાચા ફૂટી હોય તેવું લાગ્યા વગર રહેતું નથી.

⇒ આ નવલકથામાં મધ્યકાલીન 'બત્રીસ પૂતળીની વારતા' પરથી શીર્ષક 'બત્રીસ પૂતળીની વેદના' – ઈલા આરબ મહેતાએ રાખ્યું છે. વારતાની પૂતળીઓ મહાન રાજાઓના ગુણગાન કરે છે જ્યારે અહીં નવલકથાના પાત્રો શોભાની પૂતળીઓ હોવા છતા પુરુષોના ગુણગાન કરવાને બદલે પોતાની વેદનાને વાચા આપે છે.

⇒ આમ સીતા બનતી છાયા, કૌશલ્યા બનતી વિનોદિની, કૈકયી બનતી રેખા અને મંથરા બનતી વિભાવરી વાસ્તવિક જીવનમાં રોજ જાણે કે નાટક કરે છે.

⇒ જ્યારે નાટક ભજવે છે ત્યારે જ તેના આંતરમનમાં સંવેદના સળવળી ઊઠે છે અને બહાર આવે છે. ઈલા આરબ મહેતા કહે છે તેમ આ બધી સ્ત્રીઓને બેવડી જિંદગી જીવવાનો અનુભવ છે. બહાર બુદ્ધિ અને પ્રતિભાથી કાર્ય કરતી આ સ્ત્રીઓને ઘરના ઉંબરમાં પહોંચતા જ માત્ર ગૃહિણી બનીને જીવવાનું હોય છે.

⇒ આમ નાટકની દુનિયાથી વાસ્તવિક દુનિયા સાવ જુદા જ પ્રકારની હોય છે. તે આ નવલકથામાં ઈલા આરબ મહેતાએ સ્પષ્ટ કરી બતાવ્યું છે.

⇒ 'સાત પગલા આકાશમાં' નવલકથામાં કુન્દનિકા કાપડિયાએ નવલકથાની નાયિકા 'વસુધા' કેવી–કેવી પરિસ્થિતિમાંથી પસાર થાય છે તેનું વર્ણન કર્યું છે.

⇒ નવલકથાની પ્રસ્તાવનામાં જ કુન્દનિકા કાપડિયાએ સ્ત્રીની જે મનોદશા વર્ણવી છે તે જોતા દરેક સ્ત્રીને એમ જ લાગે છે કે આ બીજી કોઈ સ્ત્રી નથી પણ આ હું પોતે જ છું આ મારી જ કથની છે તેવું સ્પષ્ટપણે વરતાયા વગર રહેતું નથી.

⇒ તેથી જ નવલકથાની શરૂઆતમાં કુન્દનિકા કાપડિયા એક વાક્યમાં કહે છે કે, 'દુનિયામાં બધા સમાન છે, પણ સ્ત્રીઓ વધુ અસમાન છે.'

⇒ નારીવાદની શરૂઆત થઈ ત્યારે કુન્દનિકા કાપડિયાની આ નવલકથા ખાસો એવો ભાગ ભજવે છે.

⇒ ધીરુબહેનની 'આંધળી ગલી'માં લેખિકાએ નારીની એકલતાની વેદનાને વાચા આપતી કથા આલેખી છે.

⇒ આ નવલકથામાં કોઈ બળવો કરતી કે પુરુષ દ્વારા શોષિત નારીની કથા નથી આ કથા છે આંતર મનમાં ધરબાયેલી સંવેદનોથી એકલવાયું, નીરસ જીવન જીવતી એક નારીના હૃદયની તૃષાની આ કથા છે.

⇒ નાયિકા પોતાની તૃષ્ણાને આઘાતની ક્ષણને કાબૂ કરી સ્વસ્થતાથી આંધળી ગલીમાં ગરકાવ થતી સ્ત્રીની આત્મજાગૃતિનો પડઘો પાડતી નર્યા આંતરમનની કથા છે.

⇒ 'આંધળી ગલી'માં કથાનાયિકા કુન્દન લગ્નની ઉંમરે કોઈ કારણસર લગ્ન ન કરવાનો નિર્ણય લઈ પાછલી ઉંમરે રંગ રસહીન જીવન જીવતી નારી મનની અવદશા અને અંધારમય જીવનને અહીં લેખિકાએ સ્પષ્ટ કર્યુ છે.

⇒ આ નવલકથામાં ધીરુબહેન પટેલે સાબિત કરી બતાવ્યું છે કે સ્ત્રી ગમે તેટલી હોંશિયાર કે બહાદુર હોય તો પણ તેને તેના જીવનસાથીની જરૂર તો અચૂક પડવાની જ છે.

⇒ કુન્દનને તેની પાછલી જિંદગીમાં એકલતા ખૂંચવા લાગે છે અને અંતે તેને એકલવાયું જ જીવન જીવવું પડે છે.

⇒ આમ, ધીરુબહેનની આ નવલકથા સ્ત્રીના મનોજગતને સ્પર્શે છે અને ભારતીય નવલકથામાં કુન્દન એક એવું અનોખું પાત્ર છે કે તે નોખી ભાત ઉપસાવનારી સ્ત્રી તરીકે પોતાની છાપ ઊભી કરે છે.

⇒ પ્રકરણ–૩ 'હિન્દી નવલકથામાં નારી'માં જુદી–જુદી ભાત ઉપસાવી નારીની છબીને રજૂ કરતી ત્રણ નવલકથાઓ જોઈએ તો તેમાં સુરેન્દ્ર વર્માની 'આવા', કૃષ્ણા સોબતીની 'મિત્રો મરજાની' અને ચિત્રા મુદ્‌ગલની 'મુઝે ચાંદ ચાહિયે'.

⇒ 'આવા' નવલકથા એક મધ્યમ પરિવારોની કથાને નિમિત્તે મધ્યમવર્ગીય યુવતીની જીવન સંઘર્ષોની આસપાસ રચાતી નવલકથા છે.

⇒ 'આવા' નવલકથામાં ચિત્રા મુદ્‌ગલે સમાજના વિવિધ પ્રશ્નોને ચર્યા છે... ઉકેલ આપ્યા નથી ઉપભોક્તા વાદમાં ડૂબેલા સમાજમાં માનવનું કેટલું અવમૂલ્ય અને અધપતન થયું છે તે દર્શાવી આપ્યું છે.

⇒ ભારતમાં મધ્યમવર્ગના પરિવારો સાથે બનતી ઘટનાઓને પણ ચિત્રા મુદ્‌ગલે આ નવલકથામાં વણી લીધી છે.

⇒ સ્ત્રીઓ માટેની અલગ ટ્રેન અને તે વખતે થયેલો અકસ્માત બાબરી મસ્જિદની ઘટના, મિલોમાં હડતાળની ઘટના વગેરે જેવી સામાજિક, રાજકીય, આર્થિક સમસ્યાઓ પણ નારીચેતના સાથે ચિત્રા મુદ્‌ગલે નિરૂપી છે.

⇒ નવલકથાની શરૂઆતમાં જ ચિત્રા મુદ્‌ગલે ટ્રેનનું પ્રતીક જે ઉપસાવ્યું છે તે સમગ્ર નવલકથાને વર્ણવી લે છે.

⇒ કથાનાયિકા નમિતા દરેક પરિસ્થિતિનો સામનો કરે છે ત્યારે તેમા એક ભારતીય નારીના દર્શન થયા વગર રહેતા નથી.

⇒ કૃષ્ણા સોબતીની 'મિત્રો મરજાની' નવલકથામાં જોઈએ તો 'આવા' અને 'મુઝે ચાંદ ચાહિયે' કરતા સાવ અલગ જ નોખી ભાત ઉપસાવતી કૃતિ તરીકે રજૂ થઈ છે.

⇒ 'મિત્રો મરજાની'માં કૃષ્ણા સોબતીયે એક નારીની કાયા તરસની વાત કરી છે.

⇒ માનવજીવનમાં સેક્સનું મહત્ત્વ કેટલા અંશે હોય છે અને તેમા ખાસ કરીને 'મિત્રો' જેવી સ્ત્રીમાં કેવા પ્રકારની સમાજ અને કુટુંબ પ્રત્યે લાગણીઓ રહેલી છે તે જોવા મળે છે.

⇒ મિત્રો એવા પ્રકારની સ્ત્રી હોય છે કે તે પોતાની કાયા તરસ છુપાવવા માટે પોતાના પરિવારના સભ્યોને પણ મુક્તિ નથી એક સ્ત્રીમાં કઈ હદ સુધી કાયાતરસ છુપાયેલી છે તે કૃષ્ણા સોબતીએ મિત્રોના પાત્ર દ્વારા આપણી સમક્ષ મૂકી આપ્યું છે.

⇒ નવલકથાને અંતે કૃષ્ણા સોબતીએ મિત્રોમાં માનસ પરિવર્તનનો પ્રયોગ પણ કર્યો છે.

⇒ લેખિકાએ શારીરિકપણાથી અનન્યતા તરફ વળતી મિત્રોને નિરૂપીને મનોવિજ્ઞાન, સામાજિકવિજ્ઞાન, માનવજીવનનાં એક સત્યને કલાત્મક રીતે ઉદ્‌ઘાટિત કરી બતાવ્યું છે.

⇒ નરી શારીરિકતા માનવીને સુખી કરી શકતી નથી પરંતુ તેમાં સંયમ અને સંતોષનો ભાવ ભળે, હૃદયની ભાવના ઉમેરાય, સંસ્કૃતિના સ્વીકારની ફોરમ ભળે તો વ્યક્તિ અવશ્ય સુખી થાય છે.

⇒ શારીરિકતા અને હૃદયતા પતિમાં જ પ્રાપ્ત કરવાની ઉગતી સમજ અને એ રીતે સમાજ અને પરિવારનો થતો સ્વીકાર જ આ કૃતિને અનોખી કૃતિ તરીકે પ્રસ્થાપિત કરે છે.

⇒ 'મુઝે ચાંદ ચાહિયે' સુરેન્દ્ર વર્માની સાંપ્રત સમસ્યાને રજૂ કરતી નવલકથા છે.

⇒ 'મુઝે ચાંદ ચાહિયે'માં સુરેન્દ્ર વર્માએ ભારતીય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિનું સંમિશ્રણ કર્યું છે.

⇒ 'મુઝે ચાંદ ચાહિય' નવલકથામાં એક યુવા અભિનેત્રીની સંઘર્ષ ગાથા છે. મહત્ત્વકાંક્ષી માનવે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા જે કઠીન પરિશ્રમ કરવો પડે છે તેની વાત ચિત્રા મુદ્‌ગલે કરી છે.

⇒ વહી જતા ગાડર ટોળાથી જુદી એવી આંતરિક અનિવાર્યતાના પરિણામરૂપે પોતાની અલગ ઓળખ સ્થાપિત કરવાની પ્રક્રિયા કેટકેટલા વિસંવાદી અનુભવોથી ઘેરાયેલી હોય એ વાત આ કૃતિમાં લેખિકાએ કલાત્મક રીતે રજૂ કરી છે.

⇒ કથાનાયિકા વર્ષાના જીવનનો અવિરામ સંઘર્ષ સ્વપ્રેરિત હોવા છતા સમાધીન સંઘર્ષ બની રહે છે.

⇒ ગૃહકાર્યમાં જ રચીપચી રહેનારી શર્મા પરિવારની સાત પેઢીઓમાં એ પ્રથમ છોકરી છે જેને જીવનમાં લગ્ન કરી ઠરીઠામ થવું અપૂરતું લાગે છે.

⇒ વર્ષા વસિષ્ઠ પોતાના પરિવારની અલગ એવી છાપ ઉપસાવે છે. આ કૃતિમાં ચિત્રા મુદ્‌ગલે સ્ત્રી જીવનના અસ્તિત્વવાદની વાત રજૂ કરી છે.

⇒ સ્ત્રી પોતાને અનુકૂળ હોય તેવું જીવન જીવી શકે છે અને વર્ષા સ્વતંત્રતા વાળું જીવન જીવવાનું પસંદ કરે છે અને કુંવારી જ માતા બને છે અને તેના બાળકને જન્મ આપી મોટો કરવાની જવાબદારી પણ તે ઉઠાવે છે.

⇒ લેખિકાએ વર્ષા જેવી સ્ત્રીમાં જે ખુમારી દાખવી છે તે એક ભારતીય નારીને બિરદાવતી પરિસ્થિતિ આપણી સમક્ષ મૂકી આપી છે.

⇒ પ્રકરણ–૪ 'બંગાળી નવલકથામાં નારી'માં આશાપૂર્ણા દેવીની 'પ્રથમ પ્રતિ શ્રુતિ', મૈત્રેયી દેવીની 'ન હન્યતે' અને શરદબાબુની 'વિરાજવહુ'.

⇒ 'પ્રથમ પ્રતિ શ્રુતિ'માં આશાપૂર્ણા દેવીની દષ્ટિએ નારી અસ્મિતાનો પ્રશ્ન ભારતીય નારી સમાજનો પ્રાણ પ્રશ્ન રહ્યો છે.

⇒ નારી મુક્તિની સંજ્ઞા હજી પ્રચલિત નહોતી થઈ ત્યારથી ભારતીય સમાજમાં પ્રસ્થાપિત અસમાન મૂલ્યોમાં નારીના સ્થાન અને માનની સમસ્યાએ આશાપૂર્ણા દેવીને સતત વ્યથિત કર્યો છે.

⇒ નારી જીવનની વિવક્ષિત સમસ્યાઓને સર્જનાત્મક ભૂમિકાએ અનાવૃત્ત કરવાના આંતર અવાજમાંથી સર્જાય છે. નારીના અસ્તિત્વની અને અસ્મિતાની આ સંઘર્ષ કથા છે.

⇒ કથાનાયિકા સત્ય અન્યાય અને શોષણનો વિરોધ કરી પતિ, પરિવાર, સમાજ અને જાત સાથે સંઘર્ષ છોડી ઘરની ચાર દીવાલોમાંથી જ પોતાનો માર્ગ નિર્માણ કરી સામાજિક જાગરણ અને યુગ ક્રાન્તિની કેડીને કથાનાયિકા 'સત્ય' પ્રકાશિત કરે છે.

⇒ અમાનુષી સામાજિક વ્યવસ્થાઓ વચ્ચે નારી ઉત્થાનની વાત જે રીતે અહીં આકારિત થઈ છે તેની નોંધ લેવી પડે.

⇒ આમ બંગાળી સમાજમાં એ સમયે જે નારીની સ્થિતિ હતી તેને આશાપૂર્ણા દેવીએ સત્યના પાત્ર દ્વારા આપણી સમજ રજૂ કરી છે.

⇒ 'ન હન્યતે'માં મૈત્રેયી દેવીએ એક આત્મકથનાત્મક નવલકથા આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમની આ કૃતિ આત્મકથનાત્મક નવલકથા તરીકે અલગ તરી આવે છે.

⇒ 'ન હન્યતે'માં કથાનાયિકા 'અમૃતા'ના જીવનને વર્ણવી લેવામાં આવ્યું છે.

⇒ અહીં અતીતના પ્રણય પ્રસંગની સ્મરણરૂપે કહેવાતી અને અનુભવાતી કથા નવલકથાનું ઉદ્ભાવક પ્રેરક અને પોષક પરિબળ છે.

⇒ મૈત્રેયી દેવીએ 'ન હન્યતે'માં અતીત અને સાંપ્રત એકબીજાનું કેવું સંધાન સાધે છે. એકતાલીસ વર્ષ પૂર્વેની ઘટનાઓ પુર્નજીવિત થઈને સામ્પ્રતની સરહદને સ્પર્શી જાય છે.

⇒ આ આખી કૃતિ કથાનાયિકા અમૃતા પોતે જ કહેતી હોય એ રીતે નિરૂપાઈ છે એમાં અમૃતા પોતે પોતાની આત્મકથા કહેતી જણાય છે પણ વાર્તારૂપે નહિ સંવેદનાત્મક અનુભૂતિરૂપે તેથી આ કૃતિ આત્મકથા નહિ, નવલકથા બને છે.

⇒ 'ન હન્યતે' કૃતિમાંથી ફિલ્માંકન પણ કરવામાં આવ્યું છે. સંજય લીલા ભણસાળીએ ' હમ દિલ દે ચૂકે સનમ' નામનું ફિલ્મ બનાવી છે.

⇒ 'વિરાજવહુ'માં શરદબાબુએ એવી ભારતીય નારીને દર્શાવી છે કે તેમાં સહનશીલતા અને ધીરગંભીરતાના દર્શન થયા વિના રહેતા નથી.

⇒ શરદબાબુની નવલકથાની નાયિકા 'વિરાજ'માં આદર્શ સ્ત્રી તરીકેની બધી જ લાક્ષણિકતાઓ જોવા મળે છે.

⇒ 'વિરાજવહુ' નવલકથામાં નારી વિશેની શરદબાબુની ઉચ્ચ ભાવનાનું દર્શન થયા વિના રહેતું નથી.

⇒ 'વિરાજવહુ'માં કથાનાયિકા વિરાજના પાત્ર દ્વારા નારીનું એક ભવ્ય વ્યક્તિત્વ શરદબાબુ પ્રગટ કરે છે. અહીં લેવામાં આવેલી બધી જ કૃતિઓમાં વિરાજ એક અલગ છાપ છોડી જતુ નારી પાત્ર છે.

⇒ કથાનાયિકા 'વિરાજ' ઘર, વર અને પરિવાર માટે જે ભોગ આપે છે તે આજની સ્ત્રી માટે પ્રેરણારૂપ બની રહે છે.

⇒ પ્રકરણ–પમાં 'પંજાબી અને મરાઠી નવલકથામાં નારી'માં અલગ–અલગ ભૂમિકાએ નારીની વ્યથાઓ રજૂ થઈ છે. તેમાં અમૃતા પ્રિતમની 'પીંજર', દલીપ કૌર– 'આનું નામ જિંદગી', મરાઠીમાં શ્રીધર વ્યકેંટશ કેતકરની 'બ્રાહ્મણકન્યા'.

⇒ અમૃતા પ્રિતમની 'પિંજર' નવલકથામાં હિન્દુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા સમયે જે પરિસ્થિતિ સર્જાય છે તેનો ભોગ બનતી સ્ત્રીની કથની છે.

⇒ અમૃતા પ્રિતમે 'પિંજર'માં 'પૂરો' નામની કથાનાયિકાની હૃદયસ્પર્શી કથા રજૂ કરી છે.

⇒ હિન્દુમાંથી મુસલમાનમાં પૂરોના જીવનનું પરિવર્તન બતાવવામાં આવ્યું છે અને નવલકથામાં અહીં પણ પોતે જ પરિસ્થિતિનો ભોગ બનેલી છે તે જ પરિસ્થિતિનો સ્વીકાર કરી લે છે અને કાયમ માટે મુસલમાનના રિતરિવાજો, ખાણી–પીણી, રહેણી–કરણી અપનાવી લે છે.

⇒ 'પિંજર'માં અમૃતા પ્રિતમે એવી નારીની વ્યથાને રજૂ કરવામાં આવી છે કે જે પરિસ્થિતિ કથાનાયિકા સામે આવે તે પડકારજનક ભૂમિકાનો સામનો કરતી ભારતીય નારીના વરવા જીવનની વાસ્તવિકતાના દર્શન થયા વિના રહેતા નથી.

⇒ દલીપ કૌરની 'આનું નામ જિંદગી'માં સુખમય જીવન જીવતી એક ભારતીય યુવતીને જાણે સ્ત્રી તરીકે લીધેલા જન્મની જ સજા ભોગવવાની હોય તેમ વહેંચાતા રહેવું પડે છે અને ઘર અને ઘરવાળા બદલતા રહેવું પડે છે. અપમાન અને આઘાતજનક સ્થિતિમાં મૂકાતા રહેવું પડે છે.

⇒ કથાનાયિકા ભાનુના નારાયણના ઘરમાં આગમનથી પ્રકરણ પ્રારંભાયેલી આ નવકલથા ભાનુની ઘરમાંથી થતી વિદાયના પ્રસંગના નિરૂપણમાં પૂરી થાય છે.

⇒ અહીં નારીની એવી ભૂમિકા રજૂ થઈ છે કે જે આપણી લોક કહેવત પ્રમાણે 'દિકરી અને ગાય દોરે ત્યાં જાય' તે પંક્તિ ભાનુના પાત્રને યથોચિત્ત લાગુ પડતી જોવા મળે છે.

⇒ દલીપ કૌરે– ભાનુના પાત્ર દ્વાર એક સ્ત્રીને પ્રથમ પતિના મૃત્યુ બાદ કેવી–કેવી સ્થિતિમાંથી પસાર થવું પડે છે તે સાબિત કરી બતાવ્યું છે.

⇒ શ્રી વ્યકેંટેશ કેતકરની બ્રાહ્મણ કન્યામાં અકુલીન સંબંધોના પરિણામે થયેલા બ્રાહ્મણ સંતાનોનું ભવિષ્ય કેવા પ્રકારનું હોય છે એ કૃતિની અંદર પ્રગટ થયેલું જોવા મળે છે.

⇒ આંતરજ્ઞાતિય લગ્નજીવનથી થયેલા સંતાનોને કઈ જ્ઞાતિમાં મૂકવા તે આજના સમયમાં બહુ જ ચર્ચાસ્પદ વિષય રહ્યો છે.

⇒ તેમા નવલકથાની કથાનાયિકા કાલિંદી સાથે પણ એવું જ કંઈક બને છે.

⇒ સમાજમાં જ્ઞાતિના ઉચ્ચ–નિચ્ચના ભેદભાવને કથામાં સુપેરે પ્રગટાવવામાં આવ્યા છે. આવી પરિસ્થિતિનો ભોગ સ્ત્રીઓ જ વધારે બનતી હોય છે. તે આ કૃતિમાં સ્પષ્ટપણે વર્તાય આવે છે.

⇒ કથાનાયિકા કાલિંદીએ લીધેલા નિર્ણયને લીધે તેમાં ભારતીય સ્ત્રી તરીકેના દર્શન થયા વગર રહેતા નથી.

⇒ પ્રકરણ–૬માં 'વિવિધ ભાષામાં પ્રગટ થતી નારી'ના દર્શન થાય છે. તેમાં ઉડિયા ભાષામાં લખાયેલી પ્રતિભા રાય કૃત 'દ્રૌપદી', અસમિયા લેખિકા ઈન્દીરા ગોસ્વામીની 'છિન્નમસ્તા', ઉર્દૂમાં મીરઝા હાદી રુસવાની 'ઉમરાવજાન અદા', તેલુગુમાં મપ્પાળ રંગનાયકમ્માની 'પત્તાનો મહેલ' અને ભારતીય અંગ્રેજીમાં અનિતા દેસાઈની 'ઉપવાસ/ઉજાણી'.

⇒ ઉડિયા ભાષામાં લખાયેલી પ્રતિભા રાય કૃત 'દ્રૌપદી' એક એવું નારીપાત્ર છે કે તેનો જન્મ જ પિતાના અપમાનનો બદલો લેવા થાય છે.

⇒ તે પ્રશ્ન કરે છે કે શું યુગે યુગે રક્ષા અને દુષ્ટસંહાર માટે નારીએ જ માધ્યમ થવું પડશે ? શું નારી જ સૃષ્ટિ અને વિનાશનું કારણ છે. આમ દ્રૌપદીના મનમાં ઉદ્‌ભવેલા પ્રશ્નનો કોઈ જવાબ આપણી સમક્ષ નથી.

⇒ દ્રૌપદી જ નહીં ભારત વર્ષની તમામ સ્ત્રીઓને આવા અનેક પ્રકારના પ્રશ્નો થતા હોય છે. પરંતુ કોઈ યુગમાં તેનો કોઈ જવાબ મળતો નથી.

⇒ દ્રૌપદી ઉપર જે અત્યાચારો થયા છતા એજ આજના સમયમાં સ્ત્રીઓ ઉપર પણ થાય છે. આ પુરાણમાંથી ચાલતી આવતી એ સમયથી સ્ત્રીઓની અવદશા જોઈ શકાય છે.

⇒ 'છિન્નમસ્તા'માં ઈન્દિરા ગોસ્વામી એ કોઈ એક સ્ત્રી નહીં પરંતુ અહીંનો જગતજનની જનેતાની જ ખુદ કથા કહેવામાં આવી છે.

⇒ આસામમાં ગુવાહાટીમાં કામાખ્યાન નામની શક્તિપીઠ આવેલી છે. આ શક્તિપીઠની એવી માન્યતા છે કે તે શંકરના પ્રથમ પતિ સતીનો યોનિભાગ પડ્યો હતો. તેથી ત્યાં જે સ્ત્રીઓને માસિક ધર્મ પ્રમાણે જે રીતે રાખવામાં આવે છે તેવી રીતે જ્યારે મા છિન્નમસ્તા રજસ્વલા થાય છે ત્યારે ત્રણ દિવસ મંદિર બંધ રાખવામાં આવે છે અને ચોથા દિવસે તેની પૂજાઅર્ચના કરી ફરી પાછું આમજનતા માટે ખુલ્લું મૂકવામાં આવે છે.

⇒ આ બધી માન્યતાઓ સાથે  બીજી ઘણી માન્યતાઓ પણ સંકળાયેલી છે. અહીં કહેવાનો એ હેતુ છે કે એક સ્ત્રીની જ કથા નથી પરંતુ અહીં તો સ્ત્રી તરીકે માએ જે અવતાર ધારણ કર્યો છે તેની આપવિતીની ગાથા છે.

⇒ જગતજનનીનું આ મંદિર તેની તંત્રમંત્રની સાધના કરનાર લોકોની આસ્થાનું પ્રતીક છે. મંદિરના ગર્ભગૃહમાં માતાની કોઈ મૂર્તિ આવેલી નથી અહીં ગર્ભગૃહમાં યોનિ આકારનો પથ્થર આવેલ છે. જેની અર્ચના અને પૂજા કરવામાં આવે છે.

⇒ 'ઉમરાવજાન અદા'માં મીરઝા હાદી રુસવાએ ઉમરાવજાનની કરુણકથની કહી છે. આ નવલકથા પણ 'ન હન્યતે'ની જેમ આત્મકથનાત્મક નવલકથા બની રહે છે.

⇒ આત્મકથાના અંશો નવલકથામાં સેળભેળ થઈ જાય છે.

⇒ અહીં લેખકે ગણિકાજીવનની ઉમરાવજાનની કથની કહી છે. બાર–તેર વર્ષની ઉંમરે તેનું અપહરણ થઈ જાય છે અને ત્યારપછી તેના જીવનમાં જે પરિવર્તન આવે છે. તે પોતાના મુખે તેનું વર્ણન કરે છે.

⇒ એટલે કે મિરઝા રુસવાએ એ સાબિત કરી બતાવ્યું છે કે ગણિકા પણ એક સામાન્ય સ્ત્રી જ હોય છે પરંતુ સંજોગોની દાસ બને છે અને સમય તેને ત્યાં સુધી પહોંચાડવામાં મદદ કરે છે.

⇒ ભારતમાં ઉમરાવજાન જેવી અસંખ્ય સ્ત્રીઓ આવી પરિસ્થિતિનો ભોગ બનતી આવી છે. તેમાં ગણિકા જીવનમાં ઉમરાવજાન શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે સાબિત થાય છે.

⇒ ‘પત્તાનો મહેલ’માં મુપ્પાળ રંગનાયકમ્માની એક એવી નવલકથા છે કે તેમાં બીજી બધી સ્ત્રીઓની જેમ કથાનાયિકા આક્રોશ કે આવેગમાં આવીને કોઈ પગલું ભરતી નથી પણ પરિસ્થિતિ અને સંજોગોની સાથે તે તાલ પણ મેળવી શકતી નથી.

⇒ આ નવલકથા પરથી લેખિકાએ એ સાબિત કરી બતાવ્યું છે કે જે પુરુષને પતા રમવાનો શોખ હોય છે તે શોખને કારણે તેનું ઘર બરબાદ થઈ જાય છે ત્યાં સુધી તેને તેની વાસ્તવિકતાનું ભાન પણ તે પુરુષને રહેતું નથી.

⇒ ભારતીય સમાજમાં ઘણા બધા ઘરોમાં આ પ્રકારનું વાતાવરણ જોવા મળતું હોય છે અને તે પરિસ્થિતિનો ભોગ મોટાભાગે સ્ત્રીઓ જ બનતી હોય છે.

⇒ પરિસ્થિતિ જો અનુકૂળ ન હોય તો એની સાથે બાંધછોડ કરવા જેટલી ધીરજ પણ સ્ત્રીએ રાખવી ન જોયે તે નવલકથામાં સ્પષ્ટપણે વર્તાય છે.

⇒ અહીં લેખિકા એ કહેવા માગે છે કે કોઈ પુરુષને પોતાનો શોખ હોય તો તે ચલાવી લેવાની ક્ષમતા કોઈ સ્ત્રીમાં ન હોવી જોઈએ.

⇒ 'ઉપવાસ/ઉજાણી'માં અનિતા દેસાઈએ કોઈ નારીવાદનું ઝનૂન નથી બતાવ્યું પણ નારીઓના શોષણ અને એમના પર થતી સખતાય બાબતમાં તીવ્ર લાગણી ડોકાયા વગર રહેતી નથી.

⇒ અનિતા દેસાઈની નવલકથાઓમાં જીવનના હાસિયા પર રહેલા ઉપેક્ષિત, ભુલાયેલાં હારેલા, થાકેલાં પાત્રો ખાસ ધ્યાન ખેંચે છે.

⇒ ઉપવાસ/ઉજાણીમાં અનિતા દેસાઈએ બે બહેનોનાં હોવા ઉપરાંત મોટી ઉંમરે દીકરાનો જન્મ થાય છે અને ત્યારપછી તે જીવનશૈલીમાં બહેનોના ઉછેરમાં જે ફરે પડે છે તે પ્રસ્તુત કૃતિમાં સાબિત કરી બતાવ્યું છે.

⇒ ભારતીય જીવનશૈલી અને પરંપરા મુજબ દીકરાનું જે મહત્ત્વ છે તે અનિતા દેસાઈએ અરૂણના પાત્ર દ્વારા પ્રસ્તુત કર્યું છે.

⇒ લગ્નની ઉંમર વીતી ગયા પછી એક દીકરી માટે લગ્ન કરવા તે કેટલી બધી મુશ્કેલીઓ ઊભી કરે છે. તે પરિસ્થિતિનો સામનો કરવો પડે છે અને આજીવન લગ્નહિન રહેવું પડે છે તે ઉમાના પાત્ર દ્વારા ઉપવાસ/ઉજાણીમાં લેખિકાએ બતાવ્યું છે.